સને ૨૦૧૫-૧૬માં નવી બાબતે માંગણી નં-૯,૯૫ અને ૯૬ પ્લાન સદરે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ-૭૩ મોડેલ સ્કુલમાં મ.ભો.યો.અને પૌષ્ટિક નાસ્તો આપવાની યોજનાને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૪/૫૮૭/૨,

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તા.૧૫ /૦૪ /૨૦૧૫

વંચાણે લીધા:-

(૧)શિક્ષણ વિભાગના તા.૧૭/૦૯/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૪/૩૭૨/૨,

(૨)ગુજરાત કાઉન્સીલ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (R.M.S.A.)ના તા.૦૩/૦૬/૨૦૧૫ના પત્ર ક્રમાંક: મોડેલ સ્કુલ /બજેટ/૨૦૧૪-૧૫/૫૮૩૦

(૩) કમિશ્નરશ્રી,મ.ભો.યો.ના તા.૧૮/૩/૨૦૧૫ના પત્ર ક્રમાંક:મભય/અમલ/વશી/૪૩૮/૨૫૩૨-૩૩

પ્રસ્તાવના-

૧/ ગુજરાત રાજયની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ગરમ તેમજ પૌષ્ટિક આહાર મળી રહે તે હેતુથી મધ્યાહન ભોજન યોજના હેઠળ ગરમ અને તાજું ભોજન આપવામાં આવે છે. સંદર્ભ –(૧)ના ઠરાવથી ૨૦૧૪-૧૫માં નવી બાબતે માંગણી નં-૯ પ્લાન સદરે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ-૭૩ મોડેલ સ્કુલમાં ધોરણ -૯માં એક કલાસ દીઠ ૪૦ વિદ્યાર્થી મુજબ કુલ.૨૯૨૦ વિદ્યાર્થીઓને પ્રતિ દિન વિદ્યાર્થીદીઠ રુ.૧૨.૪૦ ની મર્યાદામાં મધ્યાહન ભોજન યોજનાનો લાભ આપવા રાજ્ય સરકારના ખર્ચ પેટે રુ.૮૬.૮૯ લાખની અને ૭૩ મોડેલ સ્કુલમાં ધોરણ – ૬ અને ૯માં બન્ને કલાસના કુલ-૮૦ વિદ્યાર્થી મુજબ કુલ-૫૮૪૦ વિદ્યાર્થીઓને પ્રતિ દીન પ્રતિ વિદ્યાર્થીદીઠ રુ.૧૨.૪૦ની મર્યાદામાં બપોરે પૌષ્ટિક નાસ્તો અને દુધ/જ્યુસ આપવાનો કુલ-૨૪૦ દિવસ માટેનો ખર્ચ રુ.૧૭૩.૮૦ લાખ મળીને કુલ રુ.૨૬૦.૭૦ લાખના બજેટને વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. ગુજરાત કાઉન્સીલ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ૭૩ મોડેલ સ્કુલમાં ધોરણ – ૬ અને ૯માં બન્ને કલાસમાં કલાસદીઠ વિદ્યાર્થીઓની સંખ્યા ૪૦ ને બદલે ૫૦ રાખવાનો નિર્ણય કરવામાં આવેલ હતો.

ઠરાવ-

૨/ ધોરણ ૬ અને ૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસ થતા સંદર્ભ-(૨) ના પત્રથી સને ૨૦૧૫-૧૬માં નવી બાબતે માંગણી નં-૯,૯૫ અને ૯૬ પ્લાન સદરે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ-૭૩ મોડેલ સ્કુલમાં ધોરણ -૧૦માં એક કલાસ દીઠ ૫૦ વિદ્યાર્થી મુજબ કુલ.૩૬૫૦ વિદ્યાર્થીઓને પ્રતિદિન વિદ્યાર્થી દીઠ રુ.૧૨.૪૦ની મર્યાદામાં મધ્યાહન ભોજન યોજનાનો લાભ આપવા ૨૪૦ દિવસ માટે રાજ્ય સરકારના ખર્ચ પેટે રુ.૧૦૮.૬૨ લાખની અને ૭૩ મોડેલ સ્કુલમાં ધોરણ – ૭ અને ૧૦માં બન્ને કલાસના કુલ-૧૦૦ વિદ્યાર્થી મુજબ કુલ-૭૩૦૦ વિદ્યાર્થીઓને પ્રતિ દીન પ્રતિ વિદ્યાર્થીદીઠ રુ.૧૨.૪૦ પૈસાની મર્યાદામાં બપોરે પૌષ્ટિક નાસ્તો અને દુધ/જ્યુસ આપવા કુલ-૨૪૦ દિવસ માટેનો ખર્ચ રુ.૨૧૭.૨૫ લાખ મળીને પૌષ્ટિક કુલ રુ.૩૨૫.૮૭ લાખની નીચે મુજબની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા માટે ગુજરાત કાઉન્સીલ ઓફ સેકન્ડરી એજ્યુકેશન અને કમિશ્નરશ્રી, મ.ભો.યો.દ્વારા દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | સદર | વિદ્યાર્થીઓની સંખ્યા | પ્રતિ દિન ખર્ચ | કુલ દિવસ | કુલ ખર્ચ (લાખમાં |
|---|---|---|---|---|---|
| ૧ | માંગણી નં.૯ | ૭૮૮૪ | રુ. ૧૨.૪૦ | ૨૪૦ | ૨૩૪.૬૩ |
| ૨ | માંગણી નં.૯૫ | ૧૦૯૫ | રુ. ૧૨.૪૦ | ૨૪૦ | ૩૨.૫૮ |
| ૩ | માંગણી નં.૯૬ | ૧૯૭૧ | રુ. ૧૨.૪૦ | ૨૪૦ | ૫૮.૬૬ |
| | કુલ | ૧૦૯૫૦ | | | ૩૨૫.૮૭ |

૩/ ઉક્ત બાબતે પુખ્ત અંતે સને ૨૦૧૫-૧૬માં નવી બાબતે માંગણી નં-૯,૯૫ અને ૯૬ પ્લાન સદરે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ-૭૩ મોડેલ સ્કુલમાં ધોરણ -૧૦માં એક કલાસ દીઠ ૫૦ વિદ્યાર્થી મુજબ કુલ.૩૬૫૦ વિદ્યાર્થીઓને પ્રતિદિન વિદ્યાર્થી દીઠ રુ.૧૨.૪૦ની મર્યાદામાં મધ્યાહન ભોજન યોજનાનો લાભ આપવા ૨૪૦ દિવસ માટે રાજ્ય સરકારના ખર્ચ પેટે રુ.૧૦૮.૬૨ લાખની અને ૭૩ મોડેલ સ્કુલમાં ધોરણ – ૭ અને ૧૦માં બન્ને કલાસના કુલ-૧૦૦ વિદ્યાર્થી મુજબ કુલ-૭૩૦૦ વિદ્યાર્થીઓને પ્રતિ દીન પ્રતિ વિદ્યાર્થીદીઠ રુ.૧૨.૪૦ પૈસાની મર્યાદામાં બપોરે પૌષ્ટિક નાસ્તો અને દુધ/જ્યુસ આપવા કુલ-૨૪૦ દિવસ માટેનો ખર્ચ રુ.૨૧૭.૨૫ લાખ મળીને કુલ રુ.૩૨૫.૮૭ લાખના ખર્ચ કરવા નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો-

(૧) મોડેલ સ્કુલમાં ધો.૭ અનેધો.૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગરમ નાસ્તો/દુધ/જ્યુસ આપવાની વ્યવસ્થા મોડેલ સ્કુલના સ્વતંત્ર મકાન કાર્યરત ન થાય ત્યાં સુધી જે તે શાળા કક્ષાએથી ઉભી કરવાની રહેશે અને જરૂરી ગ્રાન્ટની ફાળવણી કમિ.મ.ભો.યો. મારફતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને કરવાની રહેશે.

(૨) મોડેલ સ્કુલ અંતર્ગત મધ્યાહન ભોજન યોજનાનો જિલ્લા કક્ષાએ અમલ નાયબ કલેકટરશ્રી,(મ.ભો.યો.) ઉપરાંત જિલ્લા કક્ષાએ આર.એમ.એસ.કોઓડિનેટર તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને ક્ષેત્રિય સ્ટાફ કરશે.

(૩)આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકિય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

**(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટ અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.**

**(૬) આ મંજુરી અન્વયે કરવાના થતો ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.**

(૭)આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૮) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનો રહેશે.

(૯)આઇ.ટી.સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચમાં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો વખતેની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧૨) પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશ મેળવી લેવાના રહેશે.

(૧૩)તા.૧/૪/૨૦૧૫ થી ખર્ચ કરવાનો રહેશે.

૪/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૫/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૫, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહ્ન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૬/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૬, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિગતવાર-સદર (૦૩)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૭/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૦૬/૦૪/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આર.મનસુરી)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

**પ્રતિ,**

--માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
--માન. રા.ક. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- અ.મુ. સચિવશ્રી (શિ.) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
--ડાયરેકટરશ્રી ગુજરાત કાઉન્સીલ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર સ્કુલ કેમ્પર્સ સેકટર-૧૨,ગાંધીનગર
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- એકાઉન્ટન્ટ જનરલ, (ઓડિટ)ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- શિક્ષણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ, ગાંધીનગર.
-- શિક્ષણ વિભાગ હેઠળના સર્વે શાખાઓ, સચિવાલય,ગાંધીનગર.
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.